**૦૮ માં અધિક સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.વડોદરા.**
રૂમ નંબર : એ–૧૭, નવી કોર્ટ બિલ્ડિંગ, દિવાળીપુરા, વડોદરા.

ફોજદારી કેસ નંબર: ૧૮૭૫૪/૨૦૨૩

આંક–:

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | શ્રી સરકાર |
| | **વિરુધ્ધ** | |
| આરોપી | : | રાકેશભાઈ રામકરણ ભાઈ રાઠોડ |

ગુન્હો : ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫–૧ મુજબ..

**:: ચુકાદો ::**

૧. હાલની ફરીયાદ ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫–૧ મુજબના ગુન્હાઓ સબબ નોંધાયેલ છે. જે ફરિયાદના અનુસંધાને તપાસનીશ અમલદારે આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમની કલમ– ૬૬(૧)(બી), ૮૫–૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગેનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે. સદર કામે ચાર્જશીટ રજૂ થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૦(બી) મુજબ આરોપી સામે ગુન્હાનું સંજ્ઞાન લઈ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ.

૨. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીનું ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫–૧ મુજબના ગુનહાઓ સબબ નિવેદન નોંધતા આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે.

૩. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીર આપી અદાલત સમક્ષ જાહેર કરી જણાવે છે કે, પોતે સામાન્ય અને ગરીબ વર્ગના માણસ છે અને કુટુંબની જવાબદારી તેઓ શીરે છે. તેઓની કોઈ સ્થિર આવક ન હોઈ, તણાવમાં મજકુર ગુન્હો થઈ ગયેલ છે. તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા ગુન્હાઈત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. સદર આરોપીને કબૂલાત સબબ જણાવવામાં આવેલ છે કે, તેઓ કબૂલાત કરવા બંધાયેલા નથી અને તેમ છતાં કબૂલાત કરશે તો કાયદાનુસાર સજા થઈ શકે છે. તેમ છતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે.વધુમાં

આરોપીને વિના મૂલ્યે કાનુની સહાય મળી શકે તે બાબતે જણાવતા પણ પોતે વકીલ નહી રોકવા માંગતા હોવાની રજુઆત કરેલ છે.

૪. સદર કામે રેકર્ડ ઉપરના સંજોગો, હકીકતોને ઘ્યાને લેતાં તથા આરોપીની ગુન્હા અંગેની કબૂલાત પુરસીસની વિગતો વંચાણે લેતાં આરોપીએ સ્વેચ્છિક કબૂલાત કરતા હોવાનું ફલિત થાય છે. આરોપીની ઓળખની ખરાઈ કરવામાં આવેલ છે. ગુન્હાનું તહોમત, આરોપીની રજુઆત, તેઓની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુન્હો બન્યો છે તે તમામ હકીકતોને લક્ષમાં લેતાં, આરોપી સામાન્ય અને ગરીબ વર્ગના જણાઈ આવે છે. આરોપી કુટુંબમા એકમાત્ર કમાનાર વ્યકિત છે અને કુટુંબની જવાબદારી તેઓના શિરે છે. આ ઉપરાતં ગુન્હો કર્યાનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા ગુન્હાઈત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન, મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તદુપરાતં **નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર(જી.એલ.આર. પેજ નંબર : ૭૦૯)** ના ચુકાદામાં ડિવિઝન બેંચે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતોને ઘ્યાને લેતાં નકકી કરેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરીને તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ, ઉપરોકત સંજોગો, પરિસ્થિતિ, હકીકતોને ઘ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**::– હુકમ –::**

૧. આ કામના આરોપી **રાકેશભાઈ રામકરણભાઈ રાઠોડ, ઉ.વ.૫૦, રહે. સમતા, વડોદરા** નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમની કલમ–૬૬(૧)(બી), ૮૫ (૧) મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન–૦૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરેલ પ્રોહિબિટેડ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો કોઈ વાહન/મોબાઈલ મુદામાલ તરીકે કબજે કરેલ હોય અને જો તે અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદામાલ અંગે ઈન્કવાયરી કરી માલિકીની ઓળખના આધારે પુરાવા લઈ તેના મૂળ માલિકને પરત કરવો.

૩. આરોપીના અગાઉના રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાયરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ પૂરતું ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ.: ૦૯ મી , માહે.સપ્ટેમ્બર સને.: ૨૦૨૩ ના રોજ હુકમ રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

**સ્થળ** **: વડોદરા**
**તારીખ** **: ૦૯ / ૦૯ /૨૦૨૩**

**દેવદત્ત વી.વ્યાસ**
૦૮માં અધિક સિવિજ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા.